૨૦

<u>નવી બાબત ૨૦૧૯-૨૦</u>

અનુસુચિત જાતિના સરકારી છાત્રાલયોમાં ૫૦૦ નો સંખ્યા વધારો કરવા બાબત.

રૂા. ૧૭૫.૦૦ લાખ.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક : અજાક/૧૦૨૦૧૯/ન.બા ૧૦૪/ગ

સચિવાલય, ગાંધીનગર

તા. ૩૦/૦૯/૨૦૧૯

<u>વંચાણમાં લીધા :</u>

(૧) નિયામકશ્રી, (અ.જા.ક) નો તા. ૦૬/૦૬/૨૦૧૯ નો પત્ર ક્રમાંક : અજાક/ગ-૧/૧/૨૦૧૯/૫૭૭૯-૮૦

ઠરાવ :

અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના અભ્યાસ કરવાની તક મળે તે હેતુસર શહેરમાં ચાલતી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસ કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. હાલમાં અનુસૂચિત જાતિની ૮૦ સરકારી છાત્રાલયોનું સંચાલન કરવામાં આવે છે. જેની માન્ય સંખ્યા ૫૫૫૦ છે. આ છાત્રાલયોમાં ધો.૧૧ અને ૧૨, મેડીકલ, એન્જીનયરીંગ, પોલીટેકનીક, સ્નાતક, અનુસ્નાતક જેવા ઉચ્ચ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં છાત્રોને પ્રવેશ આપવામાં આવે છે. આ છાત્રાલયોમાં પ્રવેશ ધસારો વધુ હોવાથી છાત્રાલયોની કુલ માન્ય સંખ્યા ૫૫૫૦ માં ૫૦૦ નો સંખ્યા વધારો કરી ૬૦૫૦ કરવા માટે નિયામકશ્રી (અ.જા.ક) ના વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના તા. ૦૬/૦૬/૨૦૧૯ નાં પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે.જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે અનુસુચિત જાતિના સરકારી છાત્રાલયોમાં ૫૦૦ નો સંખ્યા વધારો કરવા બાબતની રૂા. ૧૭૫.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજીવિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) મંજૂર થયેલ જગ્યાઓનો પગારખર્ચ તેમજ વિદ્યાર્થીઓ માટે ભોજન, પલંગ, ગાદલા, ચાદર, ઓશીકા, ગરમ ધાબળાં, ચોરસાં જેવા પાંથરણનો ખર્ચ તથા આવી કોઇ ખરીદવાની થતી આઇટમો અંગે, તે અંગેના ધોરણો નિયત થયા હોય તે સિવાય, તેવી આઇટમો અંગે નિયત ખરીદપ્રક્રિયા અનુસરીને ખર્ચ કરવાનો રહેશે. તેમજ ખરીદનીતિ મુજબ તમામ ખરીદી કરવી.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૧૭ SCW-08 સરકારી છાત્રાલયો/સમરસ છાત્રાલયો/ મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૧૨/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,

  અનુસૂચિત જાતિ કલ્યાણ,

  ડો.જીવરાજ મહેતા ભવન,

  ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૧૯